## નગરનાં દોઢસો ઘર એવાં કે જ્યાં વીજળી-પાણી-શૌચાલયની અસુવિધા

ગાંધીનગર શહેરમાં ૧૫૫૩ પરિવારો એવા છે કે તેમના ઘરમાં પીવાનું પાણી નળ વાટે કે કૂવા-ટ્યૂબવેલ, બોરહોલ, હેન્ડપંપ એક પણ સ્ત્રોતથી ઉપલબ્ધ નથી. ગાંધીનગરના આ દોઢ હજારથી વધુ પરિવારોને પીવાનું પાણી ઘર કે મકાનની ઈમારતમાં મળતું ન હોઈ પરિવારને ઘરની પીવાના પાણીની જરૂરીયાત સહીતની સુવિધા માટે બહારથી પાણી ભરી લાવવુ પડે છે.

આવા ૧૫૫૩ પરિવારોને જો ગાંધીનગર શહેરની કુલ પરિવારોની સંખ્યા સામે ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો તેમની ટકાવારી ૧.૨૨ ટકા થાય છે.




પણ જ્યારે આપણા ટકાવારીની સરખામણી કરીએ ત્યારે એ પણ જોવુ જોઈએ કે ભલે ખૂબજ ઓછા પ્રમાણમાં આવા પરિવારો હોય, પરંતુ આ એક દૃષ્ટિએ આપણે નાગરિક આરોગ્ય અને શહેરી સુખાકારીના મામલે કેટલા પાછળ છીએ એનો પણ બોલતો પુરાવો છે. એકવીસમી સદીના બીજા દાયકાના પહેલા વર્ષે એટલે કે ૨૦૧૧ના વર્ષમાં થયેલા રાષ્ટ્રના સૌથી મોટા સેન્સસ સર્વેમાં મળેલી વિગતો ગુજરાતના સમગ્રતયા વિકાસના સંદર્ભમાં જોઈએ તો યોગ્ય ન કહેવાય. ૧.૨૨ ટકા આમ સાવ જ નાનકડી સંખ્યા છે પરંતુ જ્યારે ગુજરાતના રાજ્ય પાટનગરમાં આવી સ્થિતિ એક પાટનગરના નાગરિક તરીકે આપણને અણગમતી બાબત ચોક્કસ કહી શકાય.

આ ૧૫૫૩ પરિવારો પૈકી ૫૯૨ પરિવારોના ઘરમાં વીજળીની અને શૌચાલયની સગવડ તો છે પણ ઘર સુધી કે ઘરમાં પાણીની સુવિધા નથી તો ૩૩૫ પરિવારો એવા છે કે જેમને શૌચાલય સુવિધા ઘર કે ઘર આંગણે નથી અને પાણી પણ નથી પણ વીજળીની સુવિધા છે. જ્યારે ૫૩ પરિવારો એવા છે કે તેમના ઘર સુધી વીજળી પહોંચી નથી પરંતુ શૌચાલયની સેવા પહોંચી ગઈ છે. જ્યારે ૫૭૩ પરિવારો એવા છે કે જેમના ઘરમાં વીજળી પાણી અને શૌચાલયની સુવિધા હજુ સુધી પહોંચી નથી. છેલ્લા વસ્તી ગણતરી અહેવાલના શ્રેણી-૨૫ ગુજરાતમાંથી આવી વિગતો આપણને જાણવા મળે છે.

આપણે જ્યારે પીવાનું પાણી ઘરમાં ઘરબેઠાં નળ વાટે કે અન્ય કોઈ સ્ત્રોતથી મળે એવી વ્યવસ્થાના હિમાયતી હોઈએ ત્યારે એમાં એક વાત ન બોલાયા કે વિચારવા છતાં જોડાયેલી હોય છે, પીવાનું ચોખ્ખુ પાણી. વાત પીવાના પાણીની હોઈ ત્યારે તે ચોખ્ખુ એવો સાર ગર્ભિત અર્થ કે સમજણ જ આપણી હોય છે. પરંતુ ૧૫૫૩ ઘરમાં નળ વાટે પાણી પહોંચતુ ન હોય અને એ પૈકીના અડધાથી વધારે પરિવારોને પીવાનું અને ઘર વપરાશનું પાણી રહેણાંકથી ઘણા દૂરના વિસ્તારમાંથી લાવવું પડતું હોય ત્યારે આ પરિવારોને મોટાભાગે ચોખ્ખુ-શુદ્ધિકરણ કરાયેલું પીવાનું પાણી ઉપલબ્ધ થતું નથી એમ કહીએ તો સાચી વાત ગણી શકાય. અને હજુ પણ આ દોઢ હજાર ઘરોની મહિલાઓના માથેથી રોજેરોજ પાણી લાવવાનો બોજ આપણે હટાવી શક્યા નથી એ પણ સ્પષ્ટ છે. આશા રાખીએ કે મહિલાઓના માથેથી આ જવાબદારી દૂર થાય ઘરમાં નળ અને નળમાં પાણી પણ આવે !

**પાટનગરના સામાજિક વિકાસમાં ખૂટતો પુરૂષાર્થ જોડવો જરૂરી**

# આવી શરદ પૂનમની રાત : યૌવન હિલોળે ચડ્યું



અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, ગાંધીનગર દ્વારા શરદપૂર્ણિમા નિમિત્તે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતના ખ્યાતનામ કલાકારો ગમન સંથાલ, ખુશ્બુ આસોડિયા, વિશાલ હાથોર, અનિરુદ્ધસિંહ જાડેજા, રૂપલબા ડાભી અને જિજ્ઞેશ ગઢવીએ પોતાના અવાજ પર ગરબા-રસિયાઓને ઝૂમાવ્યા હતા. યૌવન સોળે કળાએ હિલોળે ચડ્યું હતું.

## શહેરમાં સતત સર્વેલન્સ દરમ્યાન આજે તાવના ૪૫થી વધુ કેસ મળી આવ્યા

### ૧૩૯ મકાનોમાંથી મચ્છરોના પોરા મળ્યા : દસ મહિનામાં ૧૫ હજારથી વધુ મકાનોમાં ઈન્ડોર ફોગીંગની કામગીરી કરાઈ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં આજે સર્વેલન્સ દરમ્યાન ૪૫ જેટલા તાવના કેસ મળી આવતાં તંત્રની ટીમો દ્વારા તેમના લોહીના નમૂના લઈ અને પરીક્ષણ માટે મોકલી આપવામાં આવેલ છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૧૨૦થી વધુ કર્મચારીઓ દ્વારા આજે ૪૩૦૦થી વધુ મકાનો સર્વેલન્સમાં આવરી લેવામાં આવ્યા હતા. જે પૈકી ૧૩૯ ઘરોમાં મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા. તંત્રની ટીમો દ્વારા આ ઘરોમાં તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ટીમો દ્વારા ૯૧૦૦ થી વધુ પાત્રોની ચકાસણી કરાઈ હતી જેમાંથી ૧૬૬ પાત્રોમાં બ્રિડીંગ જોવા મળ્યુ હતુ. તંત્ર દ્વારા સોર્સ રિડકશન અને પોરાનાશક કામગીરી સઘન બનાવવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં અત્યાર સુધીમાં થયેલ સર્વેલન્સ દરમ્યાન ૨૦૦ જેટલા તાવના કેસ મળ્યા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં ચાલુ માસ દરમ્યાન આજ સુધીમાં ૫૦થી વધુ કેસ ડેન્ગ્યુના મળી આવ્યા હોવાનુ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. ગાંધીનગર શહેરમાં આ વખતે ડેન્ગ્યુના કેસ વધુ જોવા મળ્યા છે. આ સિઝનમાં બે મોત પણ વાહકજન્ય રોગચાળાને લઈ થયેલ છે.

શહેરમાં વધતા જતા કેસોને નિયંત્રિત કરવા અને લોકોમાં જાગૃતિ આવે તે માટે તંત્ર દ્વારા રીક્ષા ફેરવવામાં આવી રહી છે તેમજ પત્રિકાનું પણ વિતરણ વિવિધ સેક્ટરોમાં કરવામાં આવી રહ્યું છે. પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

ડેન્ગ્યુના કેસ છુટા છવાયા છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૧૫ હજારથી વધુ આવાસોમાં ઈન્ડોર ફોગીંગ પણ કરવામાં આવ્યુ છે. આજે એક જ દિવસમાં ૩૫૦થી વધુ આવાસોમાં ઈન્ડોર ફોગીંગ કરાયુ હોવાનુ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

રે કુદરત ! તારી કેવી કહાણી !

## ગાંધીનગરના બે પરિવાર માથે આભ તૂટ્યું વિવાહનો ઉત્સાહ મોતના માતમમાં ફેરવાયો

### અકસ્માતે વિવાહોત્સુક યુવતિનું કરૂણ મોત

ગાંધીનગર, તા.૧૩

કેવો કરૂણ સંયોગ કહેવાય...જે દિવસે યુવતિના લગ્નની તારીખ નકકી કરવાની હતી, તે જ દિવસે યુવતિની અંતિમ યાત્રા નીકળી હતી. ખુશીનો માહોલ ગણતરીની મિનીટોમાં માતમમાં છવાઈ ગયો હતો. યુવતિની અંતિમયાત્રા સમયે પરિવારજનો સહિત સમગ્ર વસાહતીઓની આંખમાં અશ્રુઓની ધારા વહી રહી હતી. આ કરૂણાંતિકા શહેરના સેકટર-૩ બી ખાતે રહેતા જીતેન્દ્રભાઈ પંડયાના પરિવાર સાથે સર્જાઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ આઈજી ઓફિસમાં ફરજ બજાવતા જીતેન્દ્રભાઈ પંડયા સેકટર-૩ બી પ્લોટ નં.૨૩૨-૨ ખાતે પોતાના પરિવાર સાથે રહે છે. જીતેન્દ્રભાઈની દિકરી ક્રિષ્ણાનું સગપણ વિજયકુમાર મહેશભાઈ શ્રીમાળી (રહે.ગામ પરખડી તા.વડગામ, જી.બનાસકાંઠા) સાથે નક્કી થયું હતું. વિજયકુમાર આંકડા બ્યુરો



કચેરી ગાંધીનગર ખાતે ફરજ બજાવે છે અને પોતાના મિત્ર સાથે સેકટર-૪ ખાતે રહે છે. ત્યારે આ યુવક-યુવતિના લગ્નની તારીખ રવિવારના રોજ નિયત કરવાની હોવાથી શનિવારના રોજ બપોર બાદ ક્રિષ્ણા અને વિજયકુમાર શેરવાની લેવા માટે અમદાવાદ ગયા હતા અને મોડી સાંજે અમદાવાદથી ગાંધીનગર ઘરે પરત આવી રહ્યા હતા તે સમયે રાયસણ પેટ્રોલ પંપ પાસે અજાણ્યા વાહને પાછળથી ટક્કર મારતાં સ્કૂટર પર સવાર યુગલ નીચે પટકાયું હતું. બન્નેને શરીરે પ્રમાણમાં ઈજાઓ પહોંચતાં તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતા. જ્યાં સારવાર દરમિયાન યુવતિનું મૃત્યુ નિપજયું હતું. જયારે યુવક ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જયારે બનાવ અંગે યુવતિના ભાઈ રાજ જીતેન્દ્રભાઈ પંડયાએ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગ્રામસભામાં આયુષ્યમાન ભારત યોજનાની સમજ આપવા સૂચના

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યભરમાં ચાલી રહેલ ગ્રામસભા અભિયાન દરમ્યાન આયુષ્યમાન ભારત યોજનાનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે અને આરોગ્ય વિભાગ આ માટે સક્રિય બને તેવી સ્પષ્ટ સૂચનાઓ રાજ્ય સરકારે આપી છે.

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં લાભાર્થીઓને ગોલ્ડ કાર્ડ આપવાની ચાલી રહેલી ધીમી કામગીરી અંગે કેન્દ્ર સરકારે નારાજગી વ્યક્ત કર્યા બાદ સરકાર હરકતમાં આવી છે.

સરકારે આરોગ્ય વિભાગના અધિકારીઓ ગ્રામસભામાં જાય અને આ અતિ મહત્વાકાંક્ષી યોજનાથી લોકોને માહિતગાર કરે એટલુ જ નહિ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના માટે ગ્રામીણ સ્તરે ખાસ કેમ્પોનું આયોજન કરી વધુમાં વધુ લાભાર્થીઓને ગોલ્ડ કાર્ડનું વિતરણ કરવામાં આવે તેમ સરકાર ઈચ્છી રહી છે.

બીજી તરફ મા અમૃતમ્ અને મા વાત્સલ્ય કાર્ડની જેમ જન આરોગ્યનું ગોલ્ડ કાર્ડ પણ કિયોસ્ક પરથી ઉપલબ્ધ બને તે દિશામાં તંત્રએ આયોજન હાથ ધર્યાનું પણ આરોગ્યવિભાગના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લાઓમાં હાલ ચાલી રહેલી કામગીરી અંગે રાજ્ય સરકારે ઉચ્ચસ્તરીય સમીક્ષા પણ કરી હતી પરંતુ કામગીરીમાં સુધારો જોવા મળ્યો નથી તેથી સરકારે હવે દરેક ગ્રામસભામાં આ યોજનાના પ્રચાર-પ્રસાર પર ભાર મુકી આરોગ્યતંત્રને સક્રિય કરવાનો નિર્ણય કર્યો છે.

રાજ્યમાં હજુ સુધી ૬૦ ટકા જેટલા લાભાર્થીઓને જ આ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યુ છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સર્વર ડાઉન થઈ જતુ હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં કનેક્ટીવીટીના પ્રશ્નો વધુ છે. જો કે ઘણા જિલ્લાઓમાં કરોડાના કલેઈમ આ યોજના અંતર્ગત રજુ થઈ ચુક્યા હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

## ગાંધીનગર પધારેલા રામનાથ કોવિંદે પ્રધાનમંત્રીનાં માતુશ્રીની મુલાકાત લીધી



ગુજરાતની મુલાકાતે પધારેલા રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે આજે બપોરે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માતૃશ્રી હીરાબાની સૌજન્ય મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન રાષ્ટ્રપતિશ્રીએ હીરાબાના ઉત્તમ સ્વાસ્થ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી. હીરાબાએ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદને રેંટીયો સ્મૃતિચિહ્ન તરીકે અર્પણ કર્યો હતો. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના લઘુબંધુ પંકજભાઈ મોદી અને પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

## સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સફાઈ ઝૂંબેશ માટે કમિશનરનો આદેશ

ગાંધીનગર, તા. ૧૩

દિપાવલીના પર્વમાં ઘરની સફાઈની જેમ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પણ સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવાના આદેશો વિકાસ કમિશનર દ્વારા કરવામાં આવ્યા છે.

૧૧ ઓકટો.થી ૨૫ ઓકટો. દરમ્યાન સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવાની સાથે સાથે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પણ સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવાના આદેશથી વહીવટીતંત્રમાં પણ એક આશ્ચર્ય ઉભુ થયુ છે. સામાન્યતઃ ડિસેમ્બર માસ દરમ્યાન તુમાર નિકાલ ઝુંબેશનું આયોજન થતુ હોય છે પરંતુ આ વખતે પ્રથમવાર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને પણ દિપાવલી પર્વને પગલે સફાઈ ઝુંબેશમાં આવરી લેવાના આદેશ કરાયા છે.

વિકાસ કમિશનરે કરેલા આદેશમાં સફાઈ સંલગ્ન કામગીરીમાં પંચાયતની કચેરીઓની સાફ-સફાઈ, રેકર્ડ વર્ગીકરણની કામગીરી, ગામના જાહેર સ્થળોની સાફ-સફાઈ, ઉકરડાઓનો યોગ્ય સ્થળે નિકાલ, જાહેર જગ્યાઓએ દવા છંટકાવની કામગીરી તેમજ કાટમાળ ખસેડી યોગ્ય નિકાલ કરવાની કામગીરી કરવાની રહેશે.

આ પરિણામલક્ષી કામગીરી માટે જિલ્લા, તાલુકા કક્ષાના કર્મચારીઓની ટીમ બનાવી અસરકારક કામગીરી કરવાની સ્પષ્ટ તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત અન્ય એક પરિપત્રમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને પણ સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવાનુ આયોજન કરવા અને દરેક ગામે તેનો અમલ થાય તેના પર ભાર મુકવામાં આવ્યો છે.

મળતી વિગતો મુજબ વિકાસ કમિશનર દ્વારા ૧૭ અને ૧૮ ઓકટો. દરમ્યાન શાળા, આરોગ્ય કેન્દ્રો, પશુ દવાખાના, આંગણવાડી કેન્દ્રોની સાફ સફાઈ પર ભાર મુકવામાં આવ્યો છે. આ ઉપરાંત જાહેર શૌચાલયોની સફાઈ માટે પણ ખાસ સૂચના આપવામાં આવી છે.

૨૧-૨૨ ઓક્ટો.ના રોજ ગ્રામીણસ્તરે પ્રભાત ફેરીના આયોજન તેમજ ૨૫મીએ ગ્રામ સુખાકારી સમિતિની બેઠકનુ આયોજન કરવા માટે જણાવવામાં આવ્યુ છે. શાળાઓમાં પરીક્ષાના માહોલ વચ્ચે સફાઈ અભિયાન યોજનાના સરકારના નિર્ણયને લઈ ચોમેરથી ટીકાઓ પણ શરૂ થઈ છે જો કે ખાસ કરીને આ અભિયાનમાં બાળકોને સાંકળવાને લઈ આ ટીકાઓ થઈ રહી છે.

## આ માસાન્તે આદર્શ ગામની પસંદગી કરાશે

ગાંધીનગર, તા. ૧૩

હવે સાંસદો દ્વારા ઓકટો. માસના અંત સુધીમાં સાંસદ આદર્શ ગ્રામ માટેની પસંદગી કરી અને તે અંગેની જાણ જિલ્લાઓને કરશે. ગાંધીનગર જિલ્લામાં ગત લોકસભા દરમ્યાન ચાર સાંસદ આદર્શ ગામ બનાવવા માટે પસંદ થયા હતા. જે પૈકી બે ગામ રાજપુર-જાખોરા અને પાનસરમાં ૧૦૦ ટકા કામગીરી સંપન્ન થઈ ગઈ છે જ્યારે પોર અને રામનગર સામેત્રીમાં આ કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. રાજ્યના પંચાયત વિભાગ દ્વારા આ ગામોમાં વિકાસ કામો હાથ ધરવા માટે કઈ રીતે આગળ વધવુ તે માટે ૧૮મી ઓકટો.ના રોજ એક આખા દિવસનો સેમિનાર યોજવામાં આવેલ છે. જેમાં દરેક જિલ્લામાંથી ૧૮ થી ૨૦ જેટલા અધિકારીઓને હાજરી આપવા માટેની સૂચનાઓ પણ ગ્રામ વિકાસ કમિશનર દ્વારા આપી દેવામાં આવી છે.

**બેસણું**



મારા પુત્રશ્રી
ધર્મિલ જયેશભાઈ દવે (છોટુ સર) નું
દુઃખદ અવસાન તા.૧૧/૧૦/૨૦૧૯ને
શુક્રવારના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું
તા.૧૪/૧૦/૨૦૧૯ને સોમવારના રોજ
સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે
નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળઃ-પ્લોટ નં.૧૬૬/૨, આનંદવાટીકા સોસાયટી, સેકટર-૨૨, ગાંધીનગર
ગં.સ્વ.નીલમબેન ભાસ્કરરાય દવે (દાદી)
જયેશભાઈ બી દવે (પિતા) (જે.ડી.સર)
નીલ જયેશ દવે (ભાઈ) (P.D.P.U.)
વંદના જયેશ દવે (માતા)
કોમલ અભિષભાઈ ભટ્ટ (ફઈબા)
શિતલ ભાવિનભાઈ વ્યાસ (ફઈબા)
તથા સમગ્ર દવે પરિવાર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com